www.xtrapapers.com

OCR

# Friday 16 May 2014 – Afternoon

## GCSE GUJARATI

**A813/01** Reading

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
None

**Other materials required:**
None

**Duration:** 1 hour

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

### INSTRUCTIONS TO CANDIDATES

- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Do **not** write in the bar codes.

### INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **50**.
- You do not have to write in full sentences and your answers will not be marked for the accuracy of the language.
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2014 [D/501/5463]
DC (LK/SW) 79599/4

OCR is an exempt Charity

www.xtrapapers.com



**Exercise 1: Questions 1 – 5**

## Food and drink

**What do they eat and drink?**

**Read the sentences and look at the pictures.**

| | |
|---|---|
| **A** | સીમાને એલચી કેળાં ભાવે. |
| **B** | વિનય રેસ્ટોરન્ટમાં સફરજનનો રસ મંગાવે. |
| **C** | ~~કમલ પ્રોટિન માટે દાળ લે.~~ |
| **D** | કિરનને બટેટા પસંદ છે. |
| **E** | શીના શાક રોટલી જમે. |
| **F** | બીના નાસ્તામાં પાંઉ ખાય. |
| **G** | રાશિ ટાઢું પાણી પીએ. |

**Write the correct letter in the box.**

**Example:**



C

**1**



[1]

© OCR 2014

www.xtrapapers.com



2



☐

[1]

3



☐

[1]

4



☐

[1]

5



☐

[1]

[Total: 5 marks]

© OCR 2014

www.xtrapapers.com



**Exercise 2: Questions 6 – 12**

**Meet my family**

Read Kavita's blog entry

નમસ્તે !

હું એક મોટા શહેરમાં રહું છું.
હું દાદી સાથે અખરોટની ખરીદી કરું.
મારી મમ્મીને નાટક જોવું ગમે.
મારી બહેન નવલકથાની ચોપડીઓ વાંચે.
દાદાને તરવાની મજા આવે.
ભાઈ શિયાળામાં બરફનો માણસ બનાવે.
મારા પિતા ભારતીય પોશાક પહેરે અને ગુલાબજાંબુ ખાય.
મારાં ફોઈ રવિવારે મને મંદિરે લઇ જાય.

Tick the correct box.

**Example:**

Kavita lives in …

 A ☐

 B ☐

 C ✓

**6** With her grandmother she goes to …

 A ☐

 B ☐

 C ☐

**[1]**

© OCR 2014

www.xtrapapers.com



**7** Her mother likes …

 **A**

 **B**

 **C**

**[1]**

**8** Her sister reads …

 **A**

 **B**

 **C**

**[1]**

**9** Her grandfather enjoys …

 **A**

 **B**

 **C**

**[1]**

**10** In winter her brother …

 **A**

 **B**

 **C**

**[1]**

**11** At home her father eats …

 **A**

 **B**

 **C**

**[1]**

**12** On Sunday her aunt takes her to the …

 **A**

 **B**

 **C**

**[1]**

**[Total: 7 marks]**

www.xtrapapers.com



**Exercise 3: Questions 13 – 18**

**Social activities**

Read the statements and look at the pictures.

**નયન:** હું બાગકામ કરું. પડોશી સાથે અલકમલકની વાતો કરવાની મજા પડે.

**અમન:** મને મારી માસીને ત્યાં જવું ગમે. તે ચા સાથે મઠિયાં આપે.

**આશા:** મને લગનમાં જવું પસંદ છે. બધાં ઠાઠમાઠથી તૈયાર થયેલાં હોય.

**કમલ:** મારો દોસ્ત તેના જનમ દિવસ માટે પાર્ટી કરે.

**પાયલ:** અમે ભારતમાં ખાસ સગાંઓ સાથે બેસીએ. ત્યાંની જુદી જુદી રીતભાત જાણવા મળે.

**મીરા:** હું સખીઓ સાથે ટેલિફોન પર વાત કરું.

**કિરણ:** હું મારા રસ્તાના છોકરાઓ સાથે દડાથી રમું. હું ઘણા મિત્રો બનાવું.


A


B


C


D


E


F


G


H

© OCR 2014

www.xtrapapers.com



Write the correct letter in the box.

| | |
|---|---|
| **Example:** | |
| Nayan | C |

**13** Aman [ ] **[1]**

**14** Asha [ ] **[1]**

**15** Kamal [ ] **[1]**

**16** Payal [ ] **[1]**

**17** Meera [ ] **[1]**

**18** Kiran [ ] **[1]**

**[Total: 6 marks]**

© OCR 2014

www.xtrapapers.com



**Exercise 4: Questions 19 – 24**

**Minal works with children**

Read Minal's e-mail to her cousin Rahul in Kenya.

> પ્રિય રાહુલ
>
> હું કામના અનુભવ માટે ત્રણ વર્ષના શિશુઓના મોટા વર્ગમાં મદદ કરું છું. મારે સવારે આઠ વાગે નિશાળે પહોંચવાનું. પહેલાં તો મારે બાળકોના વિવિધ કાર્યો માટે વસ્તુઓ ગોઠવવાની. નવ વાગે બાળકો મેદાનમાં રમીને નિશાળની અંદર આવે ત્યારે તેઓને કોટ ઉતારવામાં મદદ કરું.
>
> બાળકો કલબલાટ કરતાં કરતાં પોતાની પસંદગીના મેજ પાસે બેસે. હું ફક્ત ચાર બાળકો સાથે ચિત્રકામ, રમતો, કસબ, વાંચવાનું વગેરે કરું.
>
> સૌથી વધારે મજા તો મને તેઓની સાથે ચોપડી જોવાની, વાંચવાની અને તે વિષે વાતો કરવાની પડે છે. મને આ કામમાં ખૂબ જ આનંદ આવે છે. પણ કોઈક વખત બાળકો રંગના લપેડા કરે ત્યારે મેજ સાફ કરવાનું મને જરાય ના ગમે અને કંટાળો આવે.
>
> લિ. મિનલ

Tick the correct box.

**Example:**

| | | | |
|---|---|---|---|
| Minal is doing … | **A** | … a Saturday job. | ☐ |
| | **B** | … work experience. | ✓ |
| | **C** | … a full time job. | ☐ |

© OCR 2014

www.xtrapapers.com



**19** Minal gets to school at …

**A** … 7.15. ☐

**B** … 8.00. ☐

**C** … 8.45. ☐ **[1]**

**20** Firstly she …

**A** … takes the register. ☐

**B** … greets the children. ☐

**C** … sets up the activities. ☐ **[1]**

**21** At 9.00 she helps the children with …

**A** … their outdoor clothes. ☐

**B** … their milk cartons. ☐

**C** … games in the playground. ☐ **[1]**

**22** She does different activities with …

**A** … the whole class. ☐

**B** … a small group. ☐

**C** … half the class. ☐ **[1]**

**23** The activity she enjoys most is …

**A** … reading. ☐

**B** … art. ☐

**C** … games. ☐ **[1]**

**24** She gets bored with cleaning the …

**A** … floor. ☐

**B** … children. ☐

**C** … desks. ☐ **[1]**

**[Total: 6 marks]**

© OCR 2014

www.xtrapapers.com



**Exercise 5: Questions 25 – 30**

**Geeta's holiday in India**

Read the extracts from Geeta's holiday diary.

**3 August – Saturday**

હું મારા કુટુંબ સાથે પહેલી જ વખત ભારત પહોંચી. મુંબઇ હવાઈમથકની બહાર નીકળતાં ખૂબ આનંદ થયો કેમ કે ગરમ હવાનો અનુભવ થયો અને ચંપાનાં ફૂલોથી ભરપૂર ઝાડો જોવાં મળ્યાં. અમને ટેક્ષી આલિશાન હોટલમાં લઇ ગઈ. પછી બપોરે ત્યાંની બસ અને ટ્રેનમાં મુસાફરીનો અનુભવ કર્યો. ટ્રેન સ્ટેશન પર ગિર્દીની ધક્કામારીમાં મને ડર લાગ્યો કે હું કુટુંબથી છૂટી પડી જઈશ તો? મેં મારી મમ્મીનો હાથ એકદમ જોરથી પકડી રાખ્યો.

**4 August – Sunday**

આજે ખરીદી કરવા ગયાં હતાં. મારો ભાઈ જોડાની દુકાનમાં ગયો કારણ કે તેને છેલ્લી ફેશનના સેન્ડલ લેવા હતા. દુકાનદારે અનેરી જાતના ઘણા જોડાઓ બતાવ્યા પણ મારો ભાઈ નક્કી ન કરી શક્યો કે શું કરવું. છેવટે મેં તેને માટે એક જોડી પસંદ કરી એટલે તે લહેરમાં હતો. પછી મમ્મીની અને મારી ખરીદી અમે નિરાંતે કરી.

**5 August – Monday**

આ દિવસે એલિફન્ટા નામની ગુફાઓ જોવા ગયાં, જ્યાં ઘણી ટેકરીઓ ચડઉતર કરવી પડે. સાંજે થાકેલા હતાં છતાંયે એક જાસૂસી નાટક જોવા ગયાં.

© OCR 2014

www.xtrapapers.com



Write short answers **IN ENGLISH.**

**Example:**

How many times had Geeta been to India before this holiday?

this was her first visit

.............................................................

**25** What emotion did Geeta feel when she arrived at Mumbai?

........................................................................................................................................ **[1]**

**26** Give **one** reason why she felt like this.

........................................................................................................................................ **[1]**

**27** **(a)** What made her feel frightened at the train station?

........................................................................................................................................ **[1]**

**(b)** Why?

........................................................................................................................................ **[1]**

**28** How did her brother feel when he saw the choice of shoes?

........................................................................................................................................ **[1]**

**29** How was the problem solved?

........................................................................................................................................ **[1]**

**30** Why were they tired at the end of Monday?

........................................................................................................................................ **[1]**

**[Total: 7 marks]**

© OCR 2014

www.xtrapapers.com



**Exercise 6: Questions 31 – 36**

**My town – Porbunder**

Read Vinay's blog about where he lives.

હું સોળ વર્ષનો યુવક, છેલ્લા પાંચ વર્ષથી, પશ્ચિમ ગુજરાતના જાણીતા શહેર પોરબંદરનો રહેવાસી છું. તમને ખ્યાલ હશે કે પોરબંદર દરિયાકિનારે છે અને મોટું બંદર હોવાથી ઘણી આગબોટ અને વહાણો અહીંથી વિચરે છે.

અહીં ઘણી જોવાલાયક જગાઓ હોવાથી પ્રવાસીઓ મારું શહેર જોઈને પ્રભાવિત થઈ જાય છે. પોરબંદરનો દરિયાકિનારો ઉત્તમ છે અને ચોપાટી તરીકે ઓળખાય છે. અહીં વિશાળ દરિયો જ વર્ષોથી એક આકર્ષણ છે. એ શરમજનક છે કે કિનારા પર કાગળિયા ઊડતા હોય છે. તે જોઈને હું માનું છું કે સરકાર ચોખ્ખાઈ માટે બેદરકાર છે. તેમ છતાંયે બીજા દરિયાકિનારા કરતાં અહીં સારું છે. વળી લોકોને બેસવા માટે બાંકડાઓ મૂકેલા છે તેમ જ બાળકોને પૈડાંવાળા જોડાથી સરકવા માટે પણ સરસ જુદી જગા બનાવેલી છે તે માટે મને બહુ ગૌરવ અને સંતોષ છે.

પોરબંદરમાં મારી સૌથી માનીતી જગા છે ગાંધીજીનું જન્મસ્થળ જે કિર્તી મંદિર તરીકે જાણીતું અને વખાણવા જેવું છે. હું પહેલી વખત ત્યાં ગયો કે તરત જ મને શાંતિ અને ચોખ્ખાઈનો ભાસ થયો. તેમાં ગાંધીજીની રહેણીકરણીનું પ્રદર્શન ગોઠવેલું છે અને બાપુ રેંટિયો ચલાવીને સૂતર કેવી રીતે કાંતતા તે જોવાનું મને ખૂબ જ રસજનક લાગ્યું હતું.

Tick the correct box.

**Example:**

| | | | |
|---|---|---|---|
| In Porbunder, Vinay is … | **A** | … a tourist. | ☐ |
| | **B** | … a resident. | ✓ |
| | **C** | … a student. | ☐ |

© OCR 2014

www.xtrapapers.com



**31** Porbunder has an important …

**A** … station. ☐

**B** … airport. ☐

**C** … port. ☐ **[1]**

**32** Many people visit Porbunder for the …

**A** … shipping museum. ☐

**B** … ocean. ☐

**C** … temple. ☐ **[1]**

**33** Vinay thinks the council could improve the beach by …

**A** … banning dogs. ☐

**B** … more benches. ☐

**C** … frequent cleaning. ☐ **[1]**

**34** Vinay feels satisfied that children can use …

**A** … the skating rink. ☐

**B** … the swings. ☐

**C** … the slides. ☐ **[1]**

**35** At Gandhiji's birthplace Vinay felt …

**A** … excited. ☐

**B** … calm. ☐

**C** … bored. ☐ **[1]**

**36** There is an exhibition about Gandhiji's …

**A** … lifestyle. ☐

**B** … achievements. ☐

**C** … hobbies. ☐ **[1]**

**[Total: 6 marks]**

© OCR 2014

www.xtrapapers.com



**Exercise 7: Questions 37 – 42**

**Smoking, alcohol and drugs**

Read this article from a Gujarati newspaper.

આજે દારૂ અને ડ્રગ્સનો ઉપયોગ યુ.કે.માં તેમજ ભારતમાં વધતો જાય છે અને ઘણા યુવાનો તંદુરસ્તીને ખરાબ કરે તેવી વસ્તુઓના બંધાણી બનતા જાય છે. આથી દુનિયાભરના વૈજ્ઞાનિકો, રાજકીય નેતાઓ તથા માબાપ માટે થોડા વર્ષોથી આ એક મોટી સમસ્યા એટલે કે ચિંતાનો વિષય છે. બીજી જવાબદાર જનતા એટલે કે સામાન્ય વસ્તીને પણ આ પ્રશ્નનો સામનો કરવો છે. ઘણા યુવાનોને ખ્યાલ નથી રહેતો કે આ જાતની વસ્તુઓ વાપરવાથી તેઓના શારીરિક તથા મગજના આરોગ્ય પર કેટલી ખરાબ અસર પડે છે.

ભારતમાં ઘણા ચૌદપંદર વર્ષના યુવાનો ધૂમ્રપાન કરવાનું અથવા બીડીની અંદરનું તમાકુ [ટોબાક્કો] ચાવવાનું શરૂ કરી દે છે. પછીથી બીજા કેફી પદાર્થોનો ઉપયોગ પણ કરે છે. ત્યાંની સરકારનું કહેવું છે કે જુદા જુદા પ્રદેશમાં જુદા જુદા પ્રમાણમાં આ વસ્તુઓનો ઉપયોગ થાય છે. પરંતુ ગરીબ અને અભણ લોકોમાં તેનો વપરાશ વધારે લાગે છે.

ત્યાંના સંશોધન પ્રમાણે પચાસ ટકા કેન્સરના દર્દીઓ માટે તમાકુ જવાબદાર છે. તે ઉપરાંત તમાકુથી હ્રદયના રોગોની પણ શક્યતા વધે છે.

યુ.કે.માં માબાપને કિશોર વયના બાળકો માટે હંમેશાં ચિંતા હોય અને ખાસ કરીને તેઓ કોઈ પાર્ટીમાં જતાં હોય ત્યારે. ઘણી વખત એવા કિસ્સાઓ બની જાય છે કે જીવલેણ પદાર્થો હોય તે વેચનારા કોઈને ખબર ન પડે તેમ કિશોરોના સામાન્ય પીણાંમાં તેઓની વસ્તુઓ ભેળવી દે. પછી આ કિશોરો વ્યસની થઈ જાય અને તે પદાર્થો વગર તેઓને ચાલે નહીં. કોઈક વખત ખૂબ બીમાર થઈને હોસ્પિટલ ભેગા પણ થઈ જાય.

© OCR 2014

www.xtrapapers.com



Read the questions and write short answers **IN ENGLISH.**

**Example:**

What are many young people becoming addicted to?

harmful substances
.........................................................

**37** Which groups of people are concerned about young people's drug use? Give **two** details.

........................................................................................................................................ **[1]**

**38** How are young people affected by their use of drugs? Give **two** details.

........................................................................................................................................ **[1]**

**39** What habits do some fourteen and fifteen year olds in India develop?

**(a)** .................................................................................................................................. **[1]**

**(b)** .................................................................................................................................. **[1]**

**40** According to the Indian government drug use is most common in which **two** social groups?

........................................................................................................................................ **[1]**

**41** How did people become aware of the health risks associated with tobacco use?

........................................................................................................................................ **[1]**

**42** How can innocent teenagers become unknowingly addicted?

........................................................................................................................................ **[1]**

**[Total: 7 marks]**

© OCR 2014

www.xtrapapers.com



**Exercise 8: Questions 43 – 47**

**Olympics and Paralympics London 2012**

Read the opinions and experiences of these different people.

| |
|---|
| **સલમા**<br>૨૦૧૨માં યુ.કે.માં દરેક વ્યક્તિએ કોઈ ને કોઈ રીતે ઑલિમ્પિક્સ તથા પેરાલિમ્પિક્સ રમતોનો અનુભવ જરૂર કર્યો હશે. ખાસ તો પ્રારંભ અને અંતની વિધિના કાર્યક્રમથી લોકોના દિલમાં ઉત્સાહની લાગણીઓ થઈ હતી. આવી ઉમદા તક તો જિંદગીમાં એક જ વખત મળી શકે! |
| **પરાગ**<br>સૌ પ્રથમ તો જે મોટો દીપ [દીવો] આખા યુ.કે.માં જુદા જુદા લોકોએ ફેરવ્યો તેનું મહ્ત્વ જાણીને મને ઘણી નવાઈ લાગી. મેં વાંચ્યું કે પુરાણા ગ્રીક લોકો આપણા ભારતવાસી જેમ જ અગ્નિને બહુ ઊંચું સ્થાન આપતા અને મને જાણવા મળ્યું કે ઑલિમ્પકનો દીવો શાંતિ, એકતા અને મિત્રતાની નિશાની છે.  દીવાની શરૂઆત ગ્રીસના ઑલિમ્પિયા શહેરમાંથી જ થાય અને પછી યજમાન શહેરમાં આપવામાં આવે છે. |
| **યશ**<br>મારા વિસ્તારમાંથી જ્યારે દીવો પસાર થયો ત્યારે હું મારા મિત્રો સાથે જોવા ગયો હતો અને આખા રસ્તામાં બહુ જ લોકો તત્પર થઇને ઊભા હતાં અને વાજતેગાજતે  દીવાનું સરઘસ પસાર થયું ત્યારે તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. |
| **ઊર્મિ**<br>મારી સખી સાથે મેં પેરાલિમ્પિકની ટિકિટ મેળવી હતી અને અમે ગોલ બોલની રમત જોઈ હતી. આ રમતના ખેલાડીઓની નજર પૂરતી ન હતી પણ જે દડાથી રમતા તેની અંદર ઘૂઘરીઓ મૂકેલી હતી તે અવાજ સાંભળીને તેઓ હલનચલન કરતા. તે કેટલું પ્રશંસનીય કહેવાય ! |
| **રાહુલ**<br>મારું માનવું છે કે હવે રમતગમતને નિશાળોમા નવું જ સ્થાન મળશે અને બધા વિદ્યાર્થીઓને રમતગમત માટે ઘણું પ્રોત્સાહન આપવામાં આવશે. એક વિજેતાએ સંદેશો આપ્યો હતો કે જો તમારે કોઇ પણ ઉમેદ પૂરી કરવી હોય તો મનથી અને દિલથી તે કાર્ય કરો તો જરૂર આગળ વધશો. |

© OCR 2014

www.xtrapapers.com



Read the questions and give short answers **IN GUJARATI.**

**Example:**
ઑલિમ્પિક્સની શરૂઆતના કાર્યક્રમથી લોકોને કેવી લાગણી થઈ હતી?

સૌ ઉમંગમાં હતાં
..........................................................

**43** પરાગને ઑલિમ્પિક્સના દીવાનું મહત્વ જાણીને કેવો ભાવ થયો?

.............................................................................................................................................. **[1]**

**44** પરાગની સમજ પ્રમાણે આ દીવો લોકોને કયા ગુણોનો સંદેશો આપે છે?

.............................................................................................................................................. **[1]**

**45** યશના વિસ્તારમાં ઑલિમ્પિક્સ દીવાનું ખાસ કઇ રીતે સ્વાગત થયું હતું?

.............................................................................................................................................. **[1]**

**46** ઊર્મિએ જે રમત જોઈ તે-

**(a)** ગોલબોલની રમતમાં ઘૂઘરીઓનો કેવી રીતે ઉપયોગ થયો હતો?

.............................................................................................................................................. **[1]**

**(b)** આ શા માટે જરૂરી હતું?

.............................................................................................................................................. **[1]**

**47** વિદ્યાર્થીઓને કોઈ પણ ઇચ્છા પૂરી કરવા એક જીતનાર ખેલાડીની શું સલાહ છે?

.............................................................................................................................................. **[1]**

**[Total: 6 marks]**

© OCR 2014

www.xtrapapers.com



BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2014

www.xtrapapers.com



BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2014

www.xtrapapers.com



**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2014